

## નમસ્કાર ગાંધીનગર

રમેશ ઠક્કર

### પમરાટ

પહેલા ઉઠાવશે, પછી પાંપણ ઝુકાવશે!
રીતો પ્રણયની, લાજની બેઉ નિભાવશે!

આદત જૂની છે એની, પ્રથમ તો સતાવશે!
કરશે તરસને બમણી, પછી એ બુઝાવશે!

દેખાવ તો કરે છે, કે જાણે પ્રણય નથી!
સમજાવવા મને એ સમજ ક્યાંથી લાવશે?

હું પૂછવાનું બંધ કરું એટલી જ વાર,
જે પ્રશ્ન મેં પૂછ્યા છે, પછી એ પૂછાવશે!

રહે દૂર દૂર તો ભલે રહે! રહેશે ક્યાં સુધી?
વરસે જો એક વાદળી, દોડીને આવશે!

સંદીપ પૂજારા.

### પાથેય

## પ્રણયની લાજ..

પ્રેમનો કોઈ ચોકકસ દિવસ હોતો નથી.એની નિશ્ચિત પળો હોય છે.જે ઈશ્વર આધિન હોય છે.પ્રેમ એ પુછીને થતો નથી.સ્થગિત થાય એ પ્રેમ નથી.એ સદૈવ ચાલતો જ રહે છે.આપણે જેને પ્રેમ કહી ગાંડાં કાઢતા રહીએ છીએ એ મોટેભાગે મોહ હોય છે.પ્રેમ કદી બોલકો બનતો નથી.મૌન એ એનું આભૂષણ હોય છે.એ આત્માની પરિભાષા છે.પાંપણ ઝૂકાવવામાં એની ગરિમા હોય છે.

પ્રેમની વિવિધ મુદ્રાઓ ગુજરાતી ભાષામાં ઝિલાતી રહી છે..શરૂઆતમાં ઈશ્ક..મહોબ્બત...દિલ જેવા શબ્દો એના માટે વપરાતા.હવે લવ છૂટથી વપરાય છે. ગુજરાતીમાં એના માટે સરસ શબ્દ છે પ્રીત.આપણા લોકસાહિત્યમાં તો કહેવાયું છે કે પ્રીતડી બાંધતા રે બંધાય ના.એટલે કે પ્રેમ થવાનું ગણિત અટપટું છે અનોખું છે.પ્રેમ માટે ગુજરાતીમાં સરસ શબ્દો છે..પ્રણય..પ્રીત..નેડો..સ્નેહ..લગાવ..વગેરે..ઘેલા થવું..મોહ પામવો..મુગ્ધતા.એવા શબ્દો પણ એના પર્યાય છે.પ્રેમ વિશેની આપણી માન્યતા વિજાતીય આકર્ષણ પુરતી મર્યાદિત જ હોય છે..અને એટલે જ એમાં ભલભલા ગોથાં ખાઈ જતા હોય છે.પ્રેમ એ આમ તો જીવવાનો વિષય છે.પણ તોય લોકો પ્રેમનાં ગીતો ગાય છે. કવિતાઓ લખે છે.કથાઓ વણે છે.કચકડે મઢે છે.જગતની કોઇ ભાષા એવી નહીં હોય જેમાં પ્રણય કાવ્ય ના લખાયું હોય.પ્રેમ એ સાર્વત્રિક છે. સનાતન છે.સર્વવ્યાપી છે.

આપણી ભાષામાં પણ ઉત્તમ કવિતાઓમાં પ્રેમની અભિવ્યક્તિ ઝીલાઈ છે..એક ઝલક જોઈએ.

.' કલાપી ' નું કવન જુઓ

"પેદા થયો છું ઢૂંઢવા તું ને સનમ
ઉમ્મર ગુજારી ઢૂંઢતાં તું ને સનમ.."

આમાં એક લહેજત હતી...પછી થોડીક શિષ્ટ ભાષામાં પ્રણય રંગ આલેખાયા..

હૃદયના ક્ષૂબ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે
ન પરવા મોતની કિંતુ બધાં સન્માન ઓછાં છે "

જુની રંગભૂમિ

'તને જોઈ જોઈ તોય તું અજાણી.." એવું કહેતા ગીત કવિ રાજેન્દ્ર શાહ છે, તો-

વેણીભાઈ પુરોહિત વળી નવા જ આયામ સાથે કહે છે..

"તારી આંખનો અફીણી..તારા બોલનો બંધાણી
તારા રૂપની પૂનમનો પાગલ એકલો..."

'ઘાયલ 'પ્રેમમાં મગ્ન બની કહે છે..

અનુસંધાન પાના નં.૭ પર

# સ્વચ્છતાની સેન્ચ્યુરી..! પ્રકૃતિને પ્રેમ કરવા શહેરનો કચરો વીણતાં નેચર ફર્સ્ટના પ્રેમીઓ..!



ગાંધીનગર જંક્શન
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

ગાંધીનગર શહેરને પ્રેમ કરતા અનેક લોકો અને સંસ્થાઓ શહેરમાં વસે છે. તેઓ જ્યારે જરૂર પડે ત્યારે શહેર માટે કોઈ પ્રકારના કામ માટે મદદરૂપ થવા કે પ્રશાસન સામે લડવા પણ તૈયાર થઈ જાય છે. ગાંધીનગર શહેરની એક સંસ્થા નેચર ફર્સ્ટ પ્લાસ્ટિક કચરા માટે છેલ્લા બે વર્ષથી અવિરત પણે દર શનિવારે સમયદાન કરી કચરો વીણવા નીકળે છે. અત્યારે તેઓએ સ્વચ્છતાની સેન્ચ્યુરી મારી છે.!

નેચર ફર્સ્ટ એટલે સમગ્રતયા પ્રકૃતિ માટે કામ કરતા બિરાદરોની મંડળી. નેક્સ્ટ જનરેશન માટે પ્રાકૃતિક વારસો મુકી જવાના હેતુથી વેસ્ટર્ન એગ્રી સીડ્સના ડૉ. એન. પી. પટેલ અને પૂર્વ મંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ રામમઢી જુનાગઢ ખાતે ૧૧ નારિયેળીના વૃક્ષો રોપીને આ કામનો શુભારંભ કર્યો હતો. કોરોના દરમિયાન લોકોને ઉકાળો આપવા માટે જે મિત્રો સ્વયંભૂ જોડાયા હતા તેઓ જ નેચર ફર્સ્ટના સાથી બની ગયા. આ બધા મિત્રો દર શનિવારે સવારે ગાંધીનગરના નિશ્ચિત કરેલા એરિયામાં જઈ પ્લાસ્ટિક કચરો વીણી લે છે. આ માત્ર સંકેનાત્મક દ્વારા લોકોને સંદેશો આપવાનું કામ કરે છે. પ્લાસ્ટિક એ ધરતીના ઉત્પાદકોને નુકસાન કરે છે એટલે પ્લાસ્ટિક કચરો વીણી લેવો એવો નિર્ણય પ્રકૃતિ પ્રેમીઓએ કર્યો. શરૂઆતમાં લોખંડના અણિદાર સળીયા વડે ગુટખાના પાઉચ અને નાસ્તાના પાઉચ વીણવાનું શરૂ કર્યું જેમાં અગવડ પડતી હતી. શ્રી

મહેન્દ્રભાઈના જમાઈને આ વાત ધ્યાનમાં આવતા એમણે ઓસ્ટ્રેલિયાથી કચરો વીણવાના મોડર્ન ૨૦ નંગ ચીપિયા સ્વખર્ચે ભારત મોકલી આપ્યા જેથી કચરો વીણી શકાય. ૧૫ ડોલર કિંમત ધરાવતા બીજા ૨૫ ચીપિયા અન્ય એક મિત્રની મદદથી ટૂંક સમયમાં ભારત આવી રહ્યા છે! પ્લાસ્ટિક ક્યારેય સંપૂર્ણ પણે નાશ પામતું નથી, પણ તેનાથી તદ્દન વિરુદ્ધ પરિસ્થિતિ સર્જાય છે. પ્લાસ્ટિકના નાનાં-નાનાં ટુકડા થઈ વર્ષોના વર્ષો જે તે સ્થાન પર પડ્યા રહે છે. આ સમસ્યાના સમાધાનની દિશામાં રિસાયક્લિંગ એટલે કે પુનઃવપરાશને લગતી પવૃત્તિઓ કેટલાય દેશોએ હાથ ધરી છે, છતાં પણ કુલ પ્લાસ્ટિક વ્યયના માત્ર ૫% જેટલા પ્લાસ્ટિકનું જ અસરકારક નિવારણ લાવી શકાયું છે. અન્ય ૪૦%ને દાટી દેવામાં આવે છે, અને અન્ય ૩૦% તે વાતાવરણમાં રહી તેના પ્રદુષણમાં વધારો કરે છે. બાકીના પ્લાસ્ટિકના જથ્થાને બાળી નાખવામાં આવે છે જે પાછો ઝેરી ગેસ ઉત્પન્ન કરે છે.!



દરિયામાં ઠાલવવામાં આવેલા પ્લાસ્ટિકમાંથી લગભગ ૮૦% જથ્થો ક્યાં તો કિનારે આવી પહોંચે છે, ક્યાં તો નાળા અને ગટર દ્વારા નદીમાં ઠલવાઈ જાય છે. જે અતિવૃષ્ટિ કે વરસાદી તોફાન સમયે, જ્યારે નદી અને નાળાઓ ઉભરાય ત્યારે આ પ્લાસ્ટિક જળજીવન માટે અત્યંત ખતરનાક સાબિત થાય છે. પ્રાણીઓ તે કચરામાં અટવાઈ જાય છે અથવા તેને આરોગી લે છે. કારણ કે ઘણીવાર પ્લાસ્ટીકના નાનાં – નાનાં ટુકડાં થઈ ગયા હોવાથી, તે માછલી અને અન્ય જળચર પ્રાણીઓને શિકાર જેવા પ્રતીતિ થાય છેપ એક તો પ્લાસ્ટિક સહેલાઈથી ઓગળતું નથી. પ્લાસ્ટિક લગભગ ૧૦૦૦ વર્ષ કે તેથી વધુ ટકી રહે છે એટલે પ્રકૃતિ માટે એક જોખમી પદાર્થ બની રહે છે.! આપણાં સમુદ્રોમાં ઠાલવતાં ૮૦ લાખ ટન પ્લાસ્ટીકના જથ્થામાં થેલી, ભુંગળી, કોફી કપના ઢાંકણા, અને યુઝ એન્ડ થ્રો કન્ટેનર જેવી કેટલીય પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓનો ખૂબ મોટો ફાળો હોય છે. જે જંગલી પ્રાણીઓ અને મનુષ્યના સ્વાસ્થ્ય માટે હાનીકારક છે. રિસાયક્લિંગ કરવાની પ્રક્રિયા આ વ્યયને ન્યુનતમ કક્ષાએ લઈ જવા માટે મદદરૂપ થઈ શકે છે પણ, બીજી સમસ્યા એ છે કે, સરકાર બધીજ પ્રકારના પ્લાસ્ટિકનો આ પદ્ધતિથી નિકાલ કરી શકતી નથી. તદોપરાંત જે પ્રકારના પ્લાસ્ટીક પર પુનઃવપરાશ માટેની પ્રક્રિયા શક્ય છે, તેની પાછળ પણ ઘણી ઉર્જા અને મોટા પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવો પડે છે, જેને સિંગલ યુઝ પ્લાસ્ટિકન નિકાલ માટે આર્થીક દ્રષ્ટિએ સદ્ધર વિકલ્પ ન કહી શકાય. નકામા પ્લાસ્ટિકનો જથ્થો જે જમીનની સપાટી પર અને જળસ્ત્રોતોમાં ઠાલવવામાં આવે છે તેને વિઘટિત થતાં હજારો વર્ષ લાગે છે, અને તેના કારણે વાતવરણમાં ઝેરી પદાર્થોની હાજરી એ વિશ્વ સ્તરે એક ચિંતાનો વિષય બની છે.!

આપણી જીવનશૈલીના નામે થતાં પ્લાસ્ટીકના બિનજરૂરી વપરાશને ઘટાડવાનું લક્ષ્ય રાખવું મહત્વપૂર્ણ છે. જેનો પ્રારંભ આપણી જાતથી જ કરવાનો છે. આપણી વાતાવરણ પ્રત્યેની બેદરકારી અને તેને થતાં નુકશાનની અવગણના એ આપણી કુદરત માટે ખતરો બની ગઈ છે. શિક્ષણ અને જાગૃતિના પ્રયાસો તેમજ પર્યાવરણ માટે સક્રિયતા વિના ભાવિ પેઢીઓ માટે મહાસાગરોને બચાવી શકવાની શક્યતાઓ જૂજ છે. સમસ્યા ગંભીર છે, અને આપણે ખૂબ મોડા જાગ્યા છીએ છતાં તેના સમાધાનો પણ ઉપલબ્ધ છે. વધુને વધુ લોકો પ્લાસ્ટિક વેસ્ટ બાબતે અવાજ ઉઠાવી આ પરિસ્થિતિમાં ફેરફાર લાવવા માટે આગળ આવી રહ્યાં છે.

આપણે પ્લાસ્ટિકનો બગાડ ઘટાડવાની ફરજ બજાવી રહ્યાં હોય તેવી દુકાનોમાંથી ખરીદી કરવી, કેફે, રેસ્ટોરન્ટ જેવા ખાદ્ય પદાર્થોને લગતાં અન્ય વ્યવસાયો સાથે પ્લાસ્ટિકનો વાપરાશ ઘટાડવા અંગે વારંવાર ચર્ચાઓ કરવી. પ્લાસ્ટિક વપરાશના પ્રતિબંધને સમર્થન આપી, આ બાબતે કાર્યરત સંસ્થાઓને આર્થિક સહાય આપી, સમુદ્ર કિનારા અને સમુદ્રની સફાઈના કાર્યક્રમોમાં ભાગ લઈ, પ્લાસ્ટિકના કચરા વિશેના સમાચાર ફેલાવવામાં મદદ કરીને પર્યાવરણ બચાવ પવૃત્તિઓના સમર્થનમાં પોતાનું મુલ્યવાન યોગદાન આપી શકીએ છીએ. તમને નવાઈ લાગશે કે દર વર્ષે એક લાખ જનાવર પ્લાસ્ટિક કચરો ખાવાથી મરી જાય છે. દર વર્ષે ૧૦૦૦૦ કરતા વધારે વ્હેલ, સીલ, શાર્ક અને કાચબાના મરણ પ્લાસ્ટિક ખાવાથી થાય છે! નવાઈની વાત તો એ છે કે રવાન્ડા દુનિયાનો એકમાત્ર એવો દેશ છે જ્યાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે!

આજે આપણા બધાનો એક ધ્યેય હોવો જોઈએ કે, ફક્ત આપણા કચરાને જ યોગ્ય રીતે રિસાયક્લિંગ કરવાનો અને અલગ પાડવાનો નથી, પરંતુ પ્લાસ્ટિકનો વપરાશ બને તેટલો ઓછો કરવાનો છે. તમારા પોતાના પ્લાસ્ટિકના વપરાશને ઘટાડી, તમે તમારા પરિવાર, મિત્રો અને સહકાર્યકરોને આ કામને આચરણમાં લાવવા માટે ઉદાહરણ પૂરું પડી શકો છો. આમ કરી તમે તમારાં તરફથી કરેલ પ્રયાસોના પરિણામ રુપ પર્યાવરણ પર સકારાત્મક અસરો થતી જોઈ શકશો. ઘર પર સોલાર એનર્જી સિસ્ટમ ફીટ કરાવ્યા પછી પણ વીજળીની બચત કરી એ ઈલેક્ટ્રિસિટી ગ્રીડમાં મોકલવાની છે નહીં કે વધારાના એસી ફીટ કરી વાપરવાની છે! નેચર ફર્સ્ટના મિત્રો પાંચેય તત્વોની ચિંતા કરે છે. બેનર પણ પ્લાસ્ટિકની જગ્યાએ કાપડનું વાપરે છે જેની ઉપર વેજીટેબલ રંગોથી નામ લખ્યું છે. નેચર ફર્સ્ટે ગાંધીનગરની શાક માર્કેટમાં ૧૫૦૦૦ કાપડની નિઃશુલ્ક થેલી આપી લોકોમાં જનજાગૃતિનું કામ કર્યું છે!

મજાની વાત એ છે કે પવન પુત્ર હનુમાન પર અતૂટ શ્રદ્ધા ધરાવતા આ નેચર ફર્સ્ટના મિત્રો સ્વચ્છતા અભિયાન બાદ હનુમાન ચાલીસા કરીને છૂટા પડે છે.!

**રેડ સિગ્નલઃ**

**તમે ફેંકેલી પ્લાસ્ટિકની થેલી ખાવાથી જો આપણી પવિત્ર ગાય માતાનું મૃત્યુ થાય છે તો એ પાપના ભાગીદાર તમે પોતે જ છો.!**

# મૌન અથડાય ચારે બાજુ ભર સભામાં લાગણીઓ માપીને



એમ પણ બને !
પારૂલ અમિત

મળે ઉત્તર અમુક પ્રશ્નનાં, ને અટકેલા આંસુ સરી પડી એમ પણ બને "

બેધડક પૂછ કોઈ પ્રશ્ન મનેકોઈ પણ પ્રશ્નનો હું ઉત્તર છું

પ્રશ્ન પૂછીએ તો ઉત્તર સુધી જવાય.

અર્જુને શ્રી કૃષ્ણને પ્રશ્નના કર્યા હોત તો ગીતા આપણાં સુધી પહોંચી જ ના હોત.

માનસિક વિકાસ માટે પ્રશ્ન પૂછવાની સાહજિકતા આવશ્યક છે.

મનની મૂંઝવણ માટે, સાચા માર્ગદર્શન માટે પણ પ્રશ્ન પૂછવા જરૂરી છે.

કુતૂહલને શમાવતો યોગ્ય ઉત્તર ન મળે તો વ્યક્તિ મૂંઝાતું રહે પણ થોડો ઘણો ઉત્તર પણ મળી જાય તો મનની મૂંઝવણ દૂર થાય. ઘાયલસાહેબનો શેર પણ કહે છે,'હું સ્વયં ફૂલ છું, હું અત્તર છુંજે કશું છું, હું દોસ્ત, અંદર છુંબેધડક પૂછ કોઈ પ્રશ્ન મનેકોઈ પણ પ્રશ્નનો હું ઉત્તર છું" કોઈ પણ પ્રશ્નનો ઉકેલ મહાભારત અને ગીતા વાંચો તો મળી શકે પણ અમુક ઉત્તરો તો મિત્રો જ આપી શકે છે. ભલે સમસ્યાનો સાચો ઉકેલ ના મળે પણ મિત્રો એવા એવા ઉત્તરો આપશે જે બે ઘડી સમસ્યા ભુલાઈ જવાશે.

જિંદગીમાં નિરાશા લાગે તો મિત્ર ને કરેલોએક મેસેજ કે કોલ જિંદગી બદલી નાખે છે.

આપણે જિંદગીને લગતા મુંઝવણ ભર્યા પ્રશ્નો મિત્રો સિવાય કોઇને કહી શક્તા નથી.કારણ જીંદગીને જીવવાની ફિલસૂફી મિત્ર જ સમજાવી જાણે છે. જીંદગી કેવી રીતે જીવાય એવાં કોઈ પાઠ પાઠ્યપુસ્તકમાં આવતાં નથી. અનુભવ દ્વારા જીંદગી જીવાતી હશે, પોતાનાં અથવા બીજાના. સૌ કોઈ શાંતિ પૂર્ણ જીંદગી ઈચ્છે છે.પણ એની કોઈ થિયરી , કોઈ એક રીત હોય છે?શાંતિપૂર્ણ જિંદગી એટલે જીવવા માટે કોઈ સમસ્યા આવે જ નહીં એવું. અથવા સમસ્યા આવે ને એવી રીતે જાય કે શાંતિ જળવાય.પણ શું એવું કોઇ હશે કે એને જીવનમાં કોઈ ખાસ સમસ્યા આવી જ ના હોય.ઈતિહાસ ગવાહ છે કે યુદ્ધ વિશે જ આપણે ભણતા આવ્યાં છીએ. એનો મતલબ એ થયો કે શાંતિ માટે યુદ્ધ આવશ્યક છે. વાત જીંદગીમાં આવતાં સંઘર્ષ વિશે કરીએ અને કોઈ આવીને કહે કે મને જીવન જીવવામાં ખાસ કોઈ સમસ્યા આવતી નથી કે કોઈ વિરોધીઓ પણ નથી તો એ માનવું અશક્ય છે.

બાકી ભગવાન જીવાડે એટલે જીવવું. નિયતિ જો સારું સારું જ જીવનમાં લખે તો દરેક ધર્મના ઈશ્વર શા માટે મુશ્કેલી અને સંઘર્ષ લખાવીને આવે.નિયતિ તો એમનાં હાથમાં જ હતી ને પણ મારા મતે તોપ

" મરતા મરતા જીવવું એમાં કાઈ સાર નથી''સુખ અને દુઃખ સિવાય જીવનનો અણસાર નથી."

જિંદગી માં ઉથલપાથલ થતી હોય તો જ ખરી મજા છે બાકી સપાટ રસ્તા જેવું સીધા સીધાં જવું એના કરતા ઉતાર ચઢાવ , ખાડા ટેકરા માં રોમાંચ વધું હોય છે.

જીવનમાં જેમને કંઈક વિશેષ મેળવવું છે એને જીવનમાં ખૂબ સંઘર્ષ કરવો પડે છે..એમાં બે મત નથી.જેનો વિરોધ થાય છે એનો જ સ્વીકાર થાય છે આ સત્ય છે.

બાકી સમસ્યા કોને નથી.. આજકાલ નાની નાની સમસ્યા ને લોકો સ્ટ્રેસ કહે છે.તો કહેવતો આ સ્ટ્રેસ કોને કોને નથી.જે વધું ખાય એને વજન ઉતારવા માટે સ્ટ્રેસ, જેને ભોજન નથી મળતું એને ખાવા માટે સ્ટ્રેસ. જે અમીર છે, જે ગરીબ છે, જે શેઠ છે, જે નોકર છે બધાંને પોત પોતાનો આગવો સ્ટ્રેસ.આનો મતલબ જિંદગી એવું કહે છે, કેલડતા રહો જજુમતા રહો.. સમસ્યાને સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથીપસ્વીકાર્ય મતલબ પરિસ્થિતિ થી ડરીને નહી પણ લડીને શાંતિ તરફથી પ્રયાણ કરવું એ.જીંદગી ઉગામે કોઈ તીક્ષ્ણ હથિયાર તો ઢાલ નજીક રાખવી .આ ઢાલ એટલે ફરી કહીશ કે આપણાં મિત્રો.અર્જુન હોય કે દુર્યોધન રણભૂમિમાં જવાની હિંમત કૃષ્ણ અને કર્ણ ના કારણે જ આવી હતી.કારણ બંને જાણતા હતા કે મિત્ર રૂપી ઢાલ હશે તો મહાભારત યુદ્ધ જીતી જવાશે .બસ આપણે એટલું યાદ રાખવું કે ઈશ્વરે ભેટ આપી છે આપણને આ પ્રુથ્વી પર કોઈના કોઈ પ્રયોજન થી મોકલ્યાં છે તો જીવન માણતા શીખીએ અને સક્ષમ બનીએ આવનારી દરેક ઘટના પ્રત્યે.આધી, વ્યાધિ અને ઉપાધિ ને સાથે લઈ ચાલતાં શીખી જઈએ એજ જિંદગી.

આવનારી દરેક ઘટનાને આપણે બદલી શકવાના નથી પણ આપણે બુધ્ધિ સ્વભાવ, વિચાર, વર્તન અને લાઈફ સ્ટાઈલ બદલી શકીએ છીએ. કર્મ ના ફળ મુજબ જ મળે છે જીંદગીમાં સઘળુંબસ આ સિદ્ધાંતને દિલથી અપનાવાય તો સારું. આપણું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે, રોજ ધાર્યા કરતાં નવા નવા પ્રકરણ ખુલતા રહે છે, અને આપણે એજ ચિંતામાં ભવિષ્યની બધી શકિત ગુમાવી બેસીએ છીએ.

ઘણીવાર ભૂતકાળના દુઃખો( જે ખરા અર્થમાં દુઃખ હોતા જ નથી) એ આજના આનંદ ઉપર હાવી થતાં હોય છે, એને રોકવા જરૂરી છે. અને એને રોકતા અટકાવવાનો ઉપાય એટલે હાસ્ય. એ હાસ્ય એટલે જ સુખ.જીંદગીની સાચી મજા તો આજને સ્નેહથી માણવામાં છે. ક્યારેક કોઈ છૂપો ભય અંદર રહેલી ખુશીઓને મારી નાખે છે. સાચી વાત તો એ છે કે જયારે આપણું ધાર્યું નથી થતું ત્યારે આપણે દુઃખી થઈ જઈયે છીએ. અને ધાર્યું કરવામાં આપણે સુખ ભોગવી શકતા નથી.ચિંતામાં એટલા ગરકાવ હોઈએ છીએ કે આપણે પ્રેમાળ નથી બની શકતા.આપણે બીજા જેવા બનવા માંગતા હોઈએ છીએ.પણ રાખો બીજા લોકો આપણા જેવા બનવા માંગતા હોય છે.ખરા અર્થમાં સુખ મેળવવું હોય તો બધા કરતાં અલગ બનવું પડશે, સર્જનાત્મક અને ચિંતા મુક્ત.મીંડા જેવડી જીંદગી જાણે વહે ધીમે ધીમેને સંવેદના સરેઆમ લૂંટાયનસીબ ક્યાં હાથમાં ઝલાયલે કર્યું મેચિંગ સમય સાથેપૂર્ણવિરામ થોડી મુકાય.

parulamit198@gmail.com
7201001482

# જીવનમાં વૃક્ષત્વભાવનો આવિર્ભાવ થાય તો જીવન નરસિંહભાવથી મધમધી ઉઠે



થોટ પીચ પર નો બોલ
ડો. ધર્માંશુ વૈદ્ય

વૃક્ષ એટલે જીવાતી ગીતાનો બોધ. માણસે કોરોના જેવી ભયંકર મહામારીનો દોર જોયો. દાયકાઓથી આતંકવાદની પીડા જોઈ. પરપોટા જેમ માણસના જીવનને ફૂટતું જોયું. અતિવાદ અને અસંયમની આ દુનિયામાં માણસ માટે સામૂહિક પ્રેરણાના અવસરો ઘટતા જાય છે અને કલ્પાંતપ્રેરક ઘટનાઓ વધતી જાય છે. આવા દૂષમકાળમાં વૃક્ષની હયાતી સકૂન આપનારી છે, કેમ કે વૃક્ષ પાસે ગીતાનો બોધ જીવવાની મોંઘી ખૂબી છે. વૃક્ષને એકલું ઊભેલું જોઈએ ત્યારે કોઈ સંત, મહાત્મા ધ્યાનસ્થ સ્થિતિમાં ઊભા હોય એવો અહેસાસ થાય છે. આ ધ્યાનમય તપમાં બીજાને આપવાની, અન્ય પર અનુકંપા કરવાની ભાગવતી વૃત્તિ છે. માણસની એક મર્યાદા છે કે એ જેમ જેમ ફેલાતો જાય તેમ તેમ તેનો "હું" મોટો બનતો જાય છે. પછી એની પાસે જનારાઓ તેની આગળ સચ્ચાઈ બયા કરતા ડરે છે. કેમ કે મોટો માણસ બહેરો બનતો જાય છે અને તેને બીજાની વાતમાં રસ નથી પડતો. આ બાબતે વૃક્ષ સાવ જુદું પડે છે. એની ફેલાયેલી ઘટાઓમાં જે કોઈ જાય તેને શાતા મળે છે. ઉનાળાની ભયંકર ગરમીને સહન કરીને પણ વૃક્ષ પોતાની શીતળતાનું રક્ષણ કરી જાણે છે.

આ ઊપરાંત એક વૃક્ષ ક્યારેય પોતાના તપોબળથી અર્જીત ફળનો ઉપભોગ પોતાના સુધી સિમિત ન રાખતા સર્વને આપી દે છે. તેની આપવાની વૃત્તિમાં પણ કોઈ ભેદભાવ નથી. જે કોઈ તેની પાસે જાય તેને કશી જ અપેક્ષા વગર આપે છે. વધુમાં તેની પર જુલમ કરનારાઓ પર પણ એ ખાર નથી રાખતું. એથી વિપરીત વર્ષો પહેલા એની ડાળી તોડનારો કોઈ માણસ એની પાસે વર્ષો પછી પાછો જાય ત્યારે જાણે કશું જ પહેલા ન બન્યું હોય તેમ પોતાના પ્રેમપૂર્ણ સ્વભાવમાં જ વૃક્ષ વર્તે છે. આવી જીંદાદિલી માણસ પાસે નથી.

જીવનમાં વૃક્ષત્વભાવનો આવિર્ભાવ થાય તો જીવન નરસિંહભાવથી મધમધી ઉઠે. પછી માણસ પારકી પંચાતમાં ન પડે, બીજાનું અહિત કરતા પહેલા સો વાર વિચારે અને સર્વની મંગલકામનાનો કાવો પી એનું મન સદૈવ પ્રફુલ્લિત રહે. વૃક્ષ પાસે આંતરિક સમૃદ્ધિ છે અને તેનું જીવન બીજાને આપવાની વૃત્તિથી ભરેલું છે. એક કપાયેલું ઝાડ જ્યારે તેની ખુવારી સાથે સૂર્ય સામે ઊભું રહે છે, ત્યારે તેના થડના વમળમાં માણસ એક પૂર્ણરીતે જીવાયેલી જિંદગીનો સાર, વીતેલા વર્ષોમાં પડેલો માર અને સંઘર્ષમાંથી બહાર આવવા કરેલો પરિશ્રમ બધું જ એકસાથે સ્ફુરતું જોઈ શકે છે.

હકીકતમાં તો વૃક્ષની છાયામાં સાંદિપનીની આશ્રમી શાંતિ મહેસૂસ થાય છે, એટલે જ્યારે કોઈ અંદરથી ભરેલો જીવ વૃક્ષની ડાળને સ્પર્શે છે અને તેના પાંદડાને પવન સાથે ઝૂલતા ભાળે છે ત્યારે એક ગહેરા મૌનસભર સંવાદમાં ઉતરે છે. આવી ક્ષણે વૃક્ષ કહે છે 'જીવનની સમૃદ્ધિ આંતરિક સ્થિરતામાં અનુભવવાની તસ્દી લે. ક્યાં સુધી દોડીશ? ક્યાં લગી હાંફીશ? થોડીકવાર બેસ અને પોતાની અંદર ઊગતા સૂર્યને પી.' જો વૃક્ષની આ વાત માનવજાતની લીલી નસોમાં ઊતરી જાય તો કેવો ચમત્કાર થાય?

**પી.એસ. :**

"વૃક્ષો બિથોવન અને નિત્શે જેવા એકાંતવિરો છે."

- હરમાન હેસ

# સાચો પ્રતિકાર કરવો કેમ આજકાલ સહજ જોવાં નથી મળતો...??



પમરાટ
મિત્તલ પટેલ

વિરોધ કરવો અને પ્રતિકાર કરવો બંને અલગ વસ્તુ છે. વિરોધ ગમે તેનો અને ગમે તે બાબતનો થઈ શકે. સાચાનોય વિરોધ થતો હોય છે. અને ખોટાનો પણ. જ્યારે પ્રતિકાર કરવો સહેલોય નથી હોતો અને દરેક જણની નૈતિકતાના ક્ષેત્રફળમાં પણ નથી આવતો.

**It is not everyone's cup of tea**

પ્રતિકારની જનની એથીકલ વિચારધારા છે. જે વ્યક્તિઓ એથિકસથી જીવતાં હોય તેઓ જ અન્યાયનો, ખોટાનો, અસત્યનો, અત્યાચારનો, અનૈતિકતાનો પ્રતિકાર કરવાની તાકાત જુટાવી શકે છે. એ હિંમત માત્ર તેમનામાં જ હોય છે. અનૈતિકતાના પાયા પર નૈતિકતાની સુગંધ, તેની માટેની પ્રીતિ અને તેની માટેનો આગવો લગાવ ક્યારેય પ્રવર્તતો નથી. જેને સિદ્ધાંતો વ્હાલા હોય, જેને માટે જિંદગી જીવવી એટલે "સ્વ"ની ધરોહરમાંથી કંઈક નક્કર ઉગાડવું એવો જીવન ધ્યેય હોય તેઓ જ આ કરી શકે છે.ભલેને તે માટે વિરોધોના વાવાઝોડા વચ્ચે ઉભું રહેવું પડે. "મક્કમતા" એવાં માણસોની વૃત્તિની સગી માસી હોય છે. જીવવું, મરવું, રડવું, હસવું, ખાવું, પીવું ,ઊંઘવું માં જીવન પૂરું કરવું એ કંઈ મોટી વાત નથી.

સમાજની જડતામાં સજીવન થઈ થઈ રહેલાં "અંકુરણ"ને "વૃક્ષત્વ" આપવામાં મદદરૂપ થવું, તે જીવનની સાર્થકતા બતાવે છે. માણસ મરી જાય છે તો લોકો થોડાંક જ સમયમાં ભૂલી જાય છે. પણ વ્યવહારમાં સિદ્ધાંતની સધ્ધરતા રાખી હશે તો, એ હિંમત અને નૈતિકતાથી જીવવાનુ બીજ બીજા અન્ય કેટલાંય વ્યક્તિઓમાં રોપીને જશે. જે નરી આંખે ન જોઈ શકાય, તેવું નગ્ન અસત્ય , અન્યાય અને અનૈતિકતા જે સમાજ, શિક્ષણની ઘોર ખોદવા તલવાર તાણી ઉભા હોય છે, તેમનો પ્રતિકાર કરવા ખડે પગે તૈયાર રહેશે. જીવનમાં સામે પ્રવાહે તરીને પણ ખોટાંના પક્ષે રહી હા મા હા તો નહીં જ કરે."ખોટું કરવું" ની વ્યાખ્યા "પ્રેક્ટીકલ બનવું" તેવી તદ્દન વાહિયાત સંકલ્પનાના ઓઠા હેઠળ,બાહ્ય દંભનું મોહરું પહેરીને નહીં જ જીવે ."સાચું" કદાચ દરેક વ્યક્તિનું અલગ અલગ હોઈ શકે. "સત્ય" તો એક જ હોય છે. જે સનાતન હોય. ગમે તેવો લાભ મળતો હોય, પ્રતિષ્ઠા મળતી હોય, વાહ વાહી મળતી હોય, સ્વાર્થ સિદ્ધ થતો હોય, તો પણ અનૈતિક પર્સનાલિટીની હા માં હા નહીં જ મેળવે. દરેક સમાજમાં આવું બીજ રોપવા કોઈ એકાદ વ્યક્તિની જ જરૂર હોય છે. જે ઉદાહરણ રૂપ બની જાય છે.

શિક્ષકનો વ્યવસાય હોય કે વકીલનું કે અન્ય કોઈપણ અન્યાયનો સાચો પ્રતિકાર થાય તો જ જે તે ક્ષેત્રનું સાચું તત્વ જીવંત રહે. શિક્ષણમાં ઘુસેલા ખોટાં તત્વો અને ખોટી બાબતોને પોરસવામાં ન આવે તો જ "શિક્ષકત્વ" જીવંત રહી શકે. ખોટાંના પક્ષે દલીલો બંધ થાય તો જ સાચું "વકીલત્વ" જીવતું રહે. દર્દી સાથે માનવીય સંવેદનશીલતાથી જોડાય તો જ ડોક્ટરનું "ડોક્ટરત્વ" શોભે અને જીવતું રહે. બાકી "શિક્ષકત્વ" વગરનાં કઈ કેટલાય શિક્ષકો માત્ર "ઘેટાંતત્વો"ને પંપાળી છોકરાનાં હિતમાં વિચારવાની કે કરવાની તાકાત ન કેળવીને, મનુષ્યત્વ વગર ખતમ થઈ જાય છે. તેઓ શૂન્ય જ હોય છે. આ શૂન્યમાંથી કશાયનુય સર્જન થવું શક્ય નથી.

અન્યાય અને અસત્ય સામે સાચો પ્રતિકાર તે જ કરી શકે જે પોતે નિષ્ઠાથી પોતાનું કામ કરતો હોય. રસ્તે ચાલતાં અને ચાલતાં, નાની નાની બાબતમાં પોતાની જાતને છેતરતો માણસ, આ સાહસ કરવા ક્યારેય સક્ષમ બનતું નથી. સાચાં પ્રતિકારમાં આક્રમકતા કે ગુસ્સાના શબ્દો કે નકારાત્મકતા હોવી જરૂરી નથી. તેમાં સત્યના પડખે ઊભા રહેવા" મક્કમતા" જ પૂરતી છે. પોતાની મક્કમતા પર અડગ રહેવું, દરેક લોભામણી બાબતોને નજર અંદાજ કરીને જીવવું જેવાં તેવાનું કામ નથી.

પ્રતિકાર ક્યારેય "વ્યક્તિલક્ષી" ન હોવો જોઈએ. જે તે "બાબતનો" પ્રતિકાર થઈ શકે. આખેઆખી સંસ્થા કે વ્યક્તિ ખોટો ક્યારેય ન હોઈ શકે. જો સાચી મિત્રતા પણ જાળવવી હશે, સાચાં સંબંધો પણ જાળવવા

અનુસંધાન પાના નં.૭ પર